જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૧/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૫૭/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 03 | ૯૭,૯૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

# પાસા અટકાયતની વિગત

**કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ**

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ અમદાવાદ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન અમદાવાદ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૬/૨૦૧૯ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩, ૨૯૪(ખ),૪૨૭,૫૦૬(૨),૧૧૪ તથા G.P. Act ૧૩૫(૧) મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૦૩૬૨/૨૦૨૦ ઇપીકો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૬૫૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૨૫,૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),૧૧૪ તથા G.P. Act ૧૩૫(૧) મુજબના શરીર સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૯૬૮/૨૦૨૨ તા.૧૫/૧૧/૨૦૨૨ ના હુકમ આધારે તા.૧૫/૧૧/૨૦૨૨ ના કલાકઃ૨૧/૦૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-**

રવીગીરી ઉર્ફે રવી છારો મહારાજગીરી ગોસ્વામી ઉ.વ.૩૨ રહે.ભગવતી ચોક ધનુષધારી સોસા. ફદેલી અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

**પો.ઇન્સ.શ્રી બી.એમ.પટેલ તથા પો.સ.ઇ. શ્રી એન.પી.ગરાસિયા** તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૬ કેસ કરી, ૧૨૯ વ્યક્તિઓને ઝડપી, ૪૬૯ લીટર દેશી દારૂ, ૭૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૯ બીયરટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૫૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૨૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૦/૨૦૨૨**

**દાણીલીમડાઃ** ઐયુબભાઇ ફારુકભાઇ શેખ (ઉ.વ.૫૦)(રહે.નડીયાદવાલાની ચાલી નવાબની ચાલી પાસે, શાહઆલમ, દાણીલીમડા) એ તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૧/૨૦૨૨ ના કલાક ૯/૦૦ થી બપોરના ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીના લોકરમાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- મતાના ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૧/૨૦૨૨**

**શહેરકોટડાઃ** પ્રહલાદભાઇ રણછોડભાઇ પટણી (ઉ.વ.૪૦)(રહે.કૈલાસનગર, ભીલવાસ, સાબરમતી) એ તા.૧૫/૧૧/૨૦૨૨ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પ્રહલાદભાઇ કાલુપુર સર્કલ થી ઓટોરીક્ષામાં બેસી ફ્રૂટ માર્કેટ જવા નિકળેલ દરમ્યાન રીક્ષામાં પાછળની સીટમાં બેસેલ ત્રણ ઇસમો વારાફરતી આગળ-પાછળ બેસવા રિક્ષા ઉભી રખાવી હતી, તે દરમ્યાન રીક્ષાનો ચાલક અને તેમાં બેસેલ ત્રણેય ઇસમોએ ભેગામળી પ્રહલાદભાઇની નજર ચુકવી તેમના પેન્ટના ડાબા ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- કાઢી લઇ, ઓટોરિક્ષા અમદુપુરા બ્રીજના છેડે આવેલ ભારત ખંડ એસ્ટેટના દરવાજા આગળ ઉભી રખાવી “અમોને ફાવતુ નથી” તેમ કહી પ્રહલાદભાઇને રીક્ષામાંથી નીચે ઉતારી દઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ મસઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

**નદીના પાણીમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૨/૨૦૨૨**

**રીવરફ્રન્ટ ઇસ્ટ**ઃ તા.૧૫/૧૧/૨૦૨૨ બપોરના ૨/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સુભાષબ્રિજ નીચે આવેલ વોક-વે ઉપર બેસવાના ઓટલા ઉપર કૌશીકભાઇ દિનેશભાઇ તીરગર(રહે.ધિરા ભગતની ચાલી, ઇન્ડીયા કોલોની અન્નપુર્ણા સોસાયટી ની સામે બાપુનગર) નાઓની પુત્રી નિતિ (ઉ.વ.૦૪) આકસ્મિક રીતે ઓટલાની લોખંડની રેલીંગ ઉપરથી સાબરમતી નદીના પાણીમાં પડી જવાથી પાણી પી જતા, સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા બપોરના ૩/૦૫ વાગે ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડિયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૩/૨૦૨૨**

**વસ્ત્રાપુર**ઃ મેમનગર ગુરૂકુળ રોડ સ્ટર્લીંગ હોસ્પિટલની બાજુમાં નીલમણી ટેનામેન્ટ વાહન પાર્કીંગની જગ્યામાં રહેતા રમેશભાઈ બાબુલાલ રોત (ઉ.વ.૨૨)(મૂળ વતનઃ ગામ:-સિન્ટેક્સ તા.જીલ્લો:-ડુંગરપુર, રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૨ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા ટેરેસ ઉપર લગાવેલ સોલાર પેનલ સાથે લાગેલ લોખંડની પાઈપ સાથે દોરી(પલંગની પાટી) બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અશ્વીનભાઇ ધરમશીભાઇ ચલાવે છે.

**પાલડી**ઃ રાહુલભાઇ કીશોરભાઇ શાહ (ઉ.વ.૩૯)(રહે.પ્રકૃતિ એનેક્ષ કોમ્પલેક્ષ જૈનનગર પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૫/૧૧/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગંગેવદાન રાજસિંહ ચલાવે છે.

**ખોખરા**ઃ બેચરભાઇ પુંજાભાઇ ભરવાડ (ઉ.વ.૨૮)(રહે.અવનીશ સોસાયટી, હનુમાનનગરની પાછળ, સી.ટી.એમ. ચાર રસ્તા) એ અગમ્ય કારણોસર તા.૧૫/૧૧/૨૦૨૨ ના કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે હીંચકાના હુક સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વીડજા ચલાવે છે.

**વટવા**ઃ આશીષ સ/ઓ જયેશભાઇ પરમાર (ઉ.વ.૧૬)(રહે.વૈકુઠપાર્ક કેડીલાબ્રીજની પાસે ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૨ બપોરના ૧/૦૦ થી સાંજના ૬/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મધુબહેન ઝાલાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી